અમરેલી જિલ્લામાં એએવાય તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે માહે એપ્રિલ-૧૯ દરમ્યાન ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ પ્રમાણ અને ભાવ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૭/જીઓઆઈ/૧૭/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૫/03/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૨૮/૦૨/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૭/જીઓઆઇ/૧૭/ક

(૨) ભારત સરકારની તા.૨૧/03/૨૦૧૪ ની ગાઇડલાઇન No.7/10/2013-PY.III

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ માહે માર્ચ-૧૮ થી ઘઉં તથા ચોખાના વિતરણ પ્રમાણ અને ભાવ નક્કી કરવામાં આવેલ છે. ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૧૮-૧૯ દરમ્યાન ગુ.રા.ના.પુ.નિ.લી. દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ૮૯૧.૨૪૦ મે.ટન બાજરીની પ્રાપ્તિ કરવામાં આવેલ છે. ઉક્ત સંદર્ભ (૨) થી ભારત સરકારે પ્રસિદ્ધ કરેલ ગાઇડલાઇન મુજબ રાજ્ય સરકાર / તેની એજન્સી દ્વારા કોઇ પણ માર્કેટિંગ સિઝન દરમ્યાન પ્રાપ્ત કરવામાં આવેલ **Coarsegrains** (બરછટ અનાજ) નો તેની પ્રાપ્તિનો સમયગાળો પૂર્ણ થયાની તારીખથી ત્રણ (૩) માસમાં લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અથવા મધ્યાહ્ન ભોજન યોજના/સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ નિકાલ કરવાનો રહેશે. જે અન્વયે ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૧૮-૧૯ દરમ્યાન ગુ.રા.ના.પુ.નિ.લી. દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે પ્રાપ્ત કરવામાં આવેલ ૮૯૧.૨૪૦ મે.ટન બાજરીનો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નિકાલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ઉકત આમુખની વિગતે પુખ્ત વિચારણાને અંતે માહે એપ્રિલ-૧૯ દરમ્યાન અમરેલી જીલ્લાના એએવાય કેટેગરીના લાભાર્થીઓ માટે નીચે દર્શાવેલ કોષ્ટક-૧ મુજબ તથા અગ્રતા ધરાવતા કુટુંબો માટે કોષ્ટક-૨ મુજબ ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ-પ્રમાણ અને ભાવ નક્કી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

કોષ્ટક-૧ :- એએવાય કેટેગરી માટે માહે એપ્રિલ-૧૯ દરમ્યાન ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ-પ્રમાણ અને ભાવ :-

| અનાજનો પ્રકાર | કાર્ડ દીઠ જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
|---|---|---|
| ઘઉં | ૨૦.૦૦ | ૨.૦૦ |
| ચોખા | ૧૦.૦૦ | 3.૦૦ |
| બાજરી | ૫.૦૦ | ૧.૦૦ |
| | કાર્ડદીઠ કુલ-૩૫.૦૦ કિ.ગ્રા. | |

કોષ્ટક-૨ :- અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) માટે માહે એપ્રિલ-૧૯ દરમ્યાન ઘઉં, ચોખા તથા બાજરીનું વિતરણ-પ્રમાણ અને ભાવ :-

| અનાજનો પ્રકાર | વ્યક્તિ દીઠ જથ્થો (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂ.પૈસા) |
|---|---|---|
| ઘઉં | ૨.૦૦૦ | ૨.૦૦ |
| ચોખા | ૧.૫૦૦ | ૩.૦૦ |
| બાજરી | ૧.૫૦૦ | ૧.૦૦ |
| | વ્યકિતદીઠ કુલ-૫.૦૦ કિ.ગ્રા. | |

માહે એપ્રિલ-૨૦૧૯ પૂરતું બાજરીના જથ્થાનું વહેલા તે પહેલાના ધોરણે અમરેલી જિલ્લામાં વિતરણ કરવાનું રહેશે. બાજરીના સંપૂર્ણ જથ્થાનું વિતરણ કર્યા પછી રહેલ કુટુંબોને ઘઉંનું વિતરણ કરવાનું રહેશે. રાજ્યના અન્ય જિલ્લાઓ માટે આ વિભાગના ઉક્ત સંદર્ભ (૧) થી નિયત થયેલ વિતરણ પ્રમાણ અને ભાવ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ભગવતી દવે )
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. કલેક્ટરશ્રી, અમરેલી
૪. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, અમરેલી

નકલ રવાના :-

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
૩. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર
૪. સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુક્વા સારૂ)
૫. સીલેક્ટ ફાઇલ